ગાંધીનગરના તમામ યાત્રાળુઓ સલામત

ઉત્તરાખંડના જળસંકટમાં સે-૧૩, સે-૨પના પરિવારો ઉપરાંત જય અંબે પરિવાર ૨૭ યાત્રાળુ અને સે-૨ના ત્રણ પરિવાર ફસાયા હતા : લશ્કરી હેલીકોપ્ટરથી બહાર કાઢીને ઉત્તરકાશી રાહત છાવણીમાં લઈ જવાયા

ગાંધીનગર, તા.૧૮

ઉત્તરાખંડમાં અતિ ભારે વરસાદને કારણે ચારધામની યાત્રા રોકી દેવાઈ છે પરંતુ યાત્રાએ ગયેલા હજારો યાત્રિકો ગંગોત્રી, યમનોત્રી તથા કેદારનાથ સહિતના સ્થળોએ ફસાયા છે. જેમાં ગાંધીનગરના બે પરિવારો ઉપરાંત જય અંબે પરિવારના ૨૭ યાત્રાળુઓ પણ ફસાઈ ગયા હતાં. ૨૪ કલાક પાણી વચ્ચે રહેલા ગાંધીનગરના યાત્રાળુઓને આજે મિલેટ્રીએ હેલીકોપ્ટરથી સલામત રીતે બહાર કાઢીને મિલેટ્રી કેમ્પ ઉત્તર કાશીમાં લઈ જઈ મિલેટ્રીની રાહત છાવણીમાં રહેવા માટે વ્યવસ્થા કરી આપવામાં આવી છે. મળતી માહિતી મુજબ ગાંધીનગરના ફસાયેલા દરેક યાત્રિકો સહી સલામત છે.

ગાંધીનગરમાંથી ચાર ધામની યાત્રા માટે ગયેલા બે પરીવારો તથા જય અંબે પરિવારના ૨૭ યાત્રાળુઓનો સંપર્ક ન થઈ શકતા સગા સંબંધીઓમાં ચિંતાનું મોજું ફરી વળ્યું હતું. જો કે આજે મળેલી મહિતી મુજબ સે-૧૩માં રહેતા પરિવારના ત્રણ સભ્યો મહેશભાઈ અમૃતલાલ મેવાડા, હર્ષાબેન મહેશભાઈ મેવાડા, રિધ્ધી મેવાડા તથા સે-૨૫માં રહેતા મહેન્દ્રભાઈ પટેલ અને તેમના પરિવારના સભ્યો તથા અમદાવાદ અને રાજકોટના બે પરિવાર મળીને ચારેય પરિવાર ગાંધીનગરથી ચારધામની યાત્રાએ નિકળ્યા હતાં. તે ઉપરાંત જય અંબે પરિવારના ૨૭ યાત્રાળુઓ પણ યાત્રાએ ગયા હતાં. ઉત્તરાખંડમાં ફાટેલા આભને કારણે ગંગોત્રી-યમનોત્રી રોડ તથા કેદારનાથ સહિતના સ્થળોએ હજારો યાત્રાળુ ફસાયા હતા. જે પૈકી ગાંધીનગરના પણ ઘણા યાત્રાળુઓ ફસાયા હોવાનું ધ્યાને આવ્યું હતું. આજે બપોરે મિલેટ્રીની ટીમે તમામને બચાવવાની અને સલામત સ્થળે ખસેડવાની કામગીરી શરુ કરી હતી અને ગાંધીનગરના જય અંબે પરિવાર ઉપરાંત સે-૧૩ અને સે-૨પના ફસાયેલા પરિવારોને હેલીકોપ્ટર દ્વારા કેદારનાથથી સલામત રીતે બહાર કાઢીને ઉત્તર કાશી ખાતે મિલેટ્રીની રાહત છાવણીમાં રાખવામાં આવ્યા છે. તે તમામ યાત્રાળુઓ સહી સલામત હોવાનું જાણવા મળ્યું છે તે ઉપરાંત ગાંધીનગરના સે-૨-એમાં રહેતા અને સેકશન ઓફીસર તરીકે ફરજ બજાવીને નિવૃત્ત થયેલા બળદેવભાઈ પટેલ, ડેપ્યુટી સેકશન ઓફીસર પ્રવિણભાઈ પટેલ તથા અધિક મદદનીશ ઈજનેર વિરેન્દ્રભાઈ લીંબાચીયા ત્રણેય પરિવારના સાત વ્યકિતઓ સાથે કેદારનાથ ગયા હતા અને ત્યાં ફસાયા હતા. તે સાતેય યાત્રાળુઓને પણ હેલીકોપ્ટર દ્વારા બચાવી મીલેટ્રી કેમ્પ લાવી દેવામાં આવ્યા છે.

ચ-માર્ગ પર મેટ્રો ટ્રેન માટે સોઈલ ટેસ્ટીંગ

ગાંધીનગર-અમદાવાદ વચ્ચેના મેટ્રો રેલ પ્રોજેકટને ઝડપી બનાવવા સોઈલ ટેસ્ટીંગની કામગીરીમાં ઝડપ લવાઈ

(તસવીર : દિપક જાની)

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગરના મુખ્ય માર્ગ એવા ચ રોડ પર ઠેર ઠેર આજકાલ મેટ્રો રેલ પ્રોજેકટના મસ મોટા બોર્ડ લગાવી પ્રોજેકટને આગળ ધપાવવાની કામગીરી થઈ રહી છે. ચ રોડ પર જયાં જયાં મેટ્રો સ્ટેશન બનવાના છે ત્યાં ત્યાં સોઈલ ટેસ્ટીંગની કામગીરી ચાલી રહી છે

જાહેર પરિવહન માટેના મહત્વાકાંક્ષી મેટ્રો રેલ પ્રોજેકટને ૨૦૧૭માં અમલી બનાવવાની યોજના છે. ૨૦૧૭માં પ્રથમ ફેઝમાં ગાંધીનગર અમદાવાદ વચ્ચે મેટ્રો રેલ દોડતી થઈ જાય તે માટે મેગા કંપનીએ ઝડપથી કામ આગળ વધાર્યું છે. મેટ્રો રેલના સ્ટેશન જયાં જયાં બનવાના છે ત્યાં ત્યાં માટીનું પરીક્ષણ થઈ રહ્યું છે. ગાંધીનગરમાં જયાં જયાંથી ટ્રેન પસાર થવાની છે તે રૂટમાં સ્ટેશનો સ્થાપવામાં આવશે. જો કે સ્ટેશનો સ્થપાતા પહેલા તેનું ફાઉન્ડેશન બાંધવા જે તે સ્થળની જમીનની તપાસ કરવી આવશ્યક છે. ગાંધીનગરની જમીન પથ્થર વિનાની તથા પોચી છે ત્યારે જયાં જયાં સ્ટેશન બનવાના છે ત્યાંની માટીનું પરીક્ષણ જરુરી છે. ચ રોડ પર આ કામગીરી ચાલી રહી હોવાથી ઘણા સ્થળોએ મસ મોટા બોર્ડ જોવા મળી રહ્યા છે. અહીં મશીન દ્વારા ઉંડેથી માટી કાઢીને બોક્ષમાં ભરવામાં આવી રહી છે અને તેને પરીક્ષણ માટે લેબોરેટરીમાં મોકલાઈ રહી છે.

ગાંધીનગરમાં મંગળવાર સાવ કોરોધાકોર રહ્યો

મંગળવારે આખો દિવસ જરાય છાંટા ન પડતા પુનઃ બફારાનું સામ્રાજય

(તસવીર : દિપક જાની)

ગાંધીનગર, તા.૧૮

છેલ્લા ચાર-પાંચ દિવસથી સતત પડી રહેલા નાના-મોટા વરસાદી ઝાંપટા બાદ મંગળવારનો દિવસ કોરો ધાકોર પસાર થયો છે. નવા કે જૂના કોઈ સેકટરમાં વરસાદ પડયો હોવાના સમાચાર મળ્યા ન હતા.

ગાંધીનગરમાં છેલ્લા કેટલાક દિવસોથી વરસાદી માહોલે ભારે જમાવટ કરી હતી. સાંજ પડતા જ વરસાદ વરસવા માંડતો હતો. સતત વરસાદી ઝાંપટાથી શહેરનું વાતાવરણ એકદમ આહલાદક બની ગયું હતું. આજે પણ આકાશમાં વાદળો છવાયેલા રહ્યા હતા પરંતુ વરસાદ પડયો ન હતો. બપોરે ઉઘાડ નીકળતા ઉકળાટ વધ્યો હતો. વસાહતીઓ પુનઃ બફારામાં હેરાન થયા હતા. આજનો દિવસ વરસાદ વિનાનો પસાર થયો હતો. જો કે સાંજે વરસાદી જીવાતથી વસાહતીઓ હેરાન થયા હતા. આજે મહત્તમ તાપમાન ૩૨.૫ ડિ.સે., લઘુત્તમ તાપમાન ૨૫ ડિગ્રી રહ્યું હતું. જયારે ભેજનું પ્રમાણ સવારે ૯૭ ટકા અને સાંજે ૭૬ ટકા રહ્યું હતું.

ચોમાસાના પગલે વનતંત્ર દ્વારા વનચેતનામાં કંટ્રોલરૂમ શરૂ કરાયો

સેકટરવાસીઓ પોતાની ફરિયાદ નોંધાવી શકશે

ગાંધીનગર, તા.૧૮

ચોમાસાને ધ્યાને લઈ વન વિભાગ દ્વારા વન ચેતના કેન્દ્ર ખાતે કંટ્રોલરૂમ શરુ કરી દેવાયો છે. નમી ગયેલા અને ભયજનક વૃક્ષો ઉપરાંત જમીનદોસ્ત થયેલા વૃક્ષો સંદર્ભે આમ નાગરિકો કંટ્રોલરૂમમાં જાણ કરી જરુરી મદદ મેળવી શકે તે માટે ૨૪ કલાક દરમિયાન આ કંટ્રોલરૂમ ચાલુ રહેશે.

વરસાદી દિવસોની શરૂઆત થતા જ વન વિભાગ દ્વારા નવા વૃક્ષો ઉછેરવા રોપાએનું વાવેતર શરુ કરી દીધું છે. જિલ્લામાં હરિયાળી બરકરાર રાખવા માટે વનતંત્રએ વહેલા વરસાદની સાથે રોપાઓની વાવણી માટે ઝુંબેશ હાથ ધરી દીધી છે. જયારે ચોમાસા દરમિયાન શહેરમાં વૃક્ષો જમીનદોસ્ત થવાના કિસ્સાઓ પણ પ્રકાશમાં આવે છે. હરિયાળા શહેરમાં મુખ્ય માર્ગો આસપાસ તેમજ સેકટરોના આંતરિક માર્ગો પર વૃક્ષો ધરાશયી થવાના લીધે ઘણી વાર અકસ્માત પણ થાય છે. અગાઉ 'ચ' માર્ગ પર વૃક્ષ ધરાશયી થવાના લીધે બાઈકચાલકનું મોત નિપજયું હોવાનો કિસ્સો પણ પ્રકાશમાં આવ્યો હતો. સેકટરોમાં નમી પડેલા વૃક્ષોની સંખ્યા પણ વિશેષ છે. જો કે ચોમાસા પૂર્વે વનતંત્ર દ્વારા વૃક્ષોનું ટ્રીમીંગ કરવા ઉપરાંત ભયજનક વૃક્ષો દૂર કરવા પણ સર્વે હાથ ધરાયો હતો. વરસાદી દિવસોમાં આવી ભયજનક સ્થિતિ નિવારવા તેમજ ધરાશાયી થયેલા વૃક્ષો દૂર કરવા સંદર્ભે વન તંત્ર દ્વારા વનચેતના કેન્દ્ર અને કંટ્રોલરૂમ શરુ કરી દેવાયો છે. સંબંધિત ફરિયાદો સંદર્ભે વનચેતના કેન્દ્ર ખાતે ફોન નંબર ૨૩૨૬૦૬૩૨ પર સંપર્ક કરવા પણ જણાવાયું છે.

સે-૨માં પ્રથમ દિવસે ૧૩૧ ટન કચરો સાફ કરાયો

આંતરિક સફાઈની નિષ્ફળતા સામે તંત્ર સામે વસાહતીઓએ રોષ વ્યકત કર્યો : ૨૫ વસાહતીઓને નોટીસ

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર શહેરમાં આંતરિક સફાઈના નામે મીંડુ હોવાની ચોંકાવનારી હકીકતનો આજે આડકતરો એકરાર કરતાં સે. ૨માં પ્રાયોગિક ધોરણે હાથ ધરાયેલ સંપૂર્ણ સફાઈ અભિયાન દરમ્યાન અડધા સેકટરની સફાઈમાં જ ૧૩૧ ટન જેટલો કચરો દૂર કરાયો હતો.

ગાંધીનગર શહેરમાં સફાઈની સેવાઓ મહાનગરપાલિકા હસ્તક છે. તંત્ર દ્વારા વારંવાર સફાઈની કામગીરી સઘન બનાવવા અંગેની ઘોષણાઓ માત્ર કાગળ પર જ રહેવા પામી હોવાનું ચિત્ર સ્પષ્ટ રીતે ઉપસ્યુ છે.

આજે સવારથી જ કોર્પોરેશનની ૧૦ જેટલી ટીમોના કર્મચારીઓએ સે. ૨-એ અને ૨-બીની સફાઈની કામગીરી હાથ ધરી હતી.

બપોરે એક વાગે આ સફાઈ અભિયાનમાં મેયર શ્રી મહેન્દ્રસિંહ રાણા, સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન શ્રી આશિષ દવે, ડે. મેયર શ્રી સુભાષ પાંડવ, કાઉન્સીલરો શ્રી મનુભાઈ પટેલ, શ્રી સુરેશ મહેતા, શ્રીમતિ જાગૃતિબેન પુરોહિત, શ્રીમતિ રમીલાબેન પરમાર, શ્રીમતિ પ્રવિણાબેન દરજી, શ્રીમતિ પરાગીબેન પંડ્યા, સુશ્રી દર્શનાબેન, મ્યુનિ. કમિશ્નર શ્રી લલિત પાડલિયા, ડે. મ્યુનિ. કમિશ્નર શ્રી પાટડિયા, આસિ. મ્યુ. કમિશ્નર (ઈન્ચાર્જ) શ્રી એસ.એમ. ચૌધરી સહિતના અધિકારીઓ અને પદાધિકારીઓ જોડાયા હતા.

સેકટર-૨ના બે ભાગમાં જ સફાઈ દરમ્યાન ૯૪ ટન કચરાનો નિકાલ કરાયો હતો. તેમજ ૩૭ ટન જેટલો કચરો જે કાટમાળનો હતો તે ખાડા પુરવા સહિતની કામગીરીમાં પાથરી દેવાયો હતો. આમ એક જ દિવસમાં એક સેકટરના અડધા વિસ્તારમાંથી જ ૧૩૧ ટન જેટલો કચરાનો નિકાલ કરવામાં આવ્યો હતો તે બતાવે છે કે સેકટરોની આંતરિક સફાઈના નામે અત્યાર સુધી શૂન્ય હતી.

● અનુસંધાન પાન-૭ પર

'સર' બદલો નહિ તો સરકાર બદલીશું : ખેડૂતો

ખેડૂત રેલી દરમ્યાન શહેર પોલીસ છાવણીમાં ફેરવાયુ : ચારેય તરફ જડબેસલાક ચેકીંગ : ૩૫૦ વાહનો સાથે ૫ હજારથી વધુ ખેડૂતો ૪૪ ગામોમાંથી ગાંધીનગર આવ્યા : આવેદનપત્ર સુપ્રત કરવા ગયેલા ખેડૂતોને યોગ્ય પ્રતિસાદ ન મળતા કાંતિ દિને ફરીવાર વિરોધ પ્રદર્શનનો નિર્ણય

ગાંધીનગર, તા. ૧૮

બેચરાજીના હાંસલપુર પાસેની જમીન ખેડૂતો પાસેથી સસ્તા ભાવે સંપાદન કરી દેવાના નિર્ણયને પગલે રોષે ભરાયેલા ખેડૂતોએ આજે ગાંધીનગર સુધી રેલી નિકાળી વિરોધ પ્રદર્શન કર્યો હતો. સરકાર નિર્ણય નહી બદલે તો નકસવાદી બનતા ખેડૂત વિચાર નહી કરે તેવી ચિમકી ખેડૂતોએ ગાંધીનગર આવીને ઉચ્ચારી હતી. ખેડૂતની રેલીને પગલે શહેરમાં જડબેસલાક પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. અને સઘન ચેકીંગ કામગીરી કરવામાં આવી હતી. ટ્રેક્ટરો-ટ્રકો સહિત સાડા ત્રણસો જેટલા વાહનો લઈને રેલી સ્વરૂપે આવેલા ખેડૂતોની સંખ્યા પાંચ હજાર કરતાં પણ વધુ હતી. ૪૪ ગામોના એક-એક પ્રતિનિધિ મળીને ૪૪ જણાએ આવેદનપત્ર સુપ્રત કર્યુહતુ. જો કે યોગ્ય પ્રતિસાદ ન મળતા કાંતિદિન ૯મી ઓગષ્ટે આ જ જગ્યાએ અને આ જ રીતે રેલી સ્વરૂપે ફરીવાર વિરોધ પ્રદર્શન કરવાની ચિમકી ખેડૂતોએ ઉચ્ચારી છે.

માંડલપુરના વિઠ્ઠલાપુરથી ટ્રેક્ટર અને ટ્રકો સહિતના વાહનો લઈને ખેડૂતો એસઆઈઆરનો વિરોધ કરવા ગાંધીનગર સુધી આવ્યા હતા. પાંચ હજારથી વધુ ખેડૂતો સાડા ત્રણસો જેટલા વાહનો સાથે રેલી સ્વરૂપે ગાંધીનગર પહોંચ્યા હતા. ગાંધીનગર જિલ્લા ઉપરાંત અન્ય બે જિલ્લાઓની મળીને ત્રણ જિલ્લાની પોલીસને સુરક્ષા વ્યવસ્થા બંદોબસ્ત માટે ગાંધીનગર શહેરમાં ઉતારી દેવામાં આવી હતી. વહેલી સવારથી જ પોલીસ બંદોબસ્તમાં તૈનાત થઈ ગઈ હતી. જો કે રેલી છેક સાડા ચાર વાગ્યે ગાંધીનગર પહોંચતા પોલીસ પણ કંટાળી ગઈ હતી. ભુખ્યા અને તરસ્યા પોલીસે આખો દિવસ બંદોબસ્ત કરવો પડ્યો હતો. રેલીને પગલે ઘ અને ચ માર્ગ પરના કેટલાક વળાંક બ્લોક કરી દઈ વાહન વ્યવહાર સ્ટોપ કરી દેવામાં આવ્યો હતો તે ઉપરાંત સચિવાલયમાં એન્ટ્રી પોઈન્ટ પર પણ ચુસ્ત ચેકીંગ શરૂ કરી દેવાતા એન્ટ્રી ગેટ પર ગાડીઓની લાંબી કતારો સર્જાઈ હતી. શહેરના તમામ પ્રવેશ દ્વારો પર જડબેસલાક ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું. અને શાંતિપૂર્ણ માહોલમાં રેલી સભામાં ફેરવાયા બાદ સંપન્ન થઈ હતી. ૪૪ ગામના એક-એક પ્રતિનિધિ મળીને ૪૪ ખેડૂતો આવેદનપત્ર સુપ્રત કરવા ગયા હતા. જો કે ત્યાં તેમને યોગ્ય રીસ્પોન્સ ન મળતાં ખેડૂતોએ કાંતિ દિન ૯મી ઓગષ્ટે ફરી વિરોધ પ્રદર્શન કરવાનો નિર્ણય લીધો હોવાનું જાણવા મળ્યું છે. રેલી સ્વરૂપે વાહનો લઈને ગાંધીનગર આવીને આ જ સ્થળે સભા કરવાનો ખેડૂતોએ નિર્ણય લીધો છે. જો સરકાર યોગ્ય નિર્ણય નહીં લે તો ખેડૂતો નકશલવાદી બનતા અચકાશે નહી.

(તસવીર : દિપક જાની)

સભામાં ઘુસી ગયેલા બે પીધેલા પાકીટમાર ઝડપાયા

ખેડૂતોની રેલી ગાંધીનગર શહેરના સે. ૬ મેદાનમાં સભા સ્વરૂપે ફેરવાઈ ત્યારે ભીડનો લાભ લેવા માટે પાકીટમારો પણ ખેડૂતના સ્વાંગમાં ઘુસી ગયા હતા. તે પૈકીના બે પીધેલા પાકીટમારો પાકીટ સરકાવવાની ફિરાકમાં હતા તે દરમ્યાન જ પોલીસે તે બન્નેને પકડી લીધા હતા અને સે. ૭ પોલીસ સ્ટેશનમાં લઈ જઈ પુછપરછ શરૂ કરી હતી.

ખેડૂતરેલીની સાથે સાથે

- ખેડૂત રેલીને પગલે ગાંધીનગર શહેર પોલીસ છાવણીમાં ફેરવાયું હતું.
- અસહ્ય ગરમીથી પોલીસકર્મીઓ પણ કંટાળી ગયા હતા.
- પોલીસ જવાનો ખેડૂતોની સવારથી રાહ જોતા હતા. પરંતુ રેલી બપોરના ૪ વાગ્યા બાદ ગાંધીનગર પહોંચી હતી.
- ૩૫૦ થી વધુ વાહનો લઈ ખેડૂતો ગાંધીનગર આવ્યા હતા.
- ખેડૂત રેલીમાં મહિલાઓની સંખ્યા પણ નોંધપાત્ર હતી.
- ૪૪ ગામના ૫ હજારથી વધુ ખેડૂત ભાઈ-બહેનો રેલીમાં આવ્યા હતા.
- પોલીસે ભૂખ્યા રહીને ફરજ બજાવી હતી.
- રેલીના બંદોબસ્તમાં મહિલા પોલીસ કર્મચારીઓ પણ બોલાવવામાં આવી હતી.
- પોલીસે વરસાદને પગલે બે ટેન્ટ પણ બાંધ્યા હતા.
- રેલીને પગલે શહેરના માર્ગો બંધ કરવામાં આવતા શહેરીજનોને પારાવાર મુશ્કેલી વેઠવી પડી હતી.
- આઈ.જી.ના આદેશથી જે.સી.બી. દ્વારા સભા સ્થળની સાફ સફાઈ કરવામાં આવી હતી.
- પોલીસ કર્મીઓને વરસાદથી બચવા છત્રીઓ મુકવામાં આવી હતી.
- શાંત ખેડૂતો માટે કોઈ બળ પ્રયોગ કરવો પડયો નહોતો.
- પોલીસ દ્વારા રેલીમાં આવેલ ખેડૂતો માટે પીવાના પાણીની વ્યવસ્થા કરવામાં આવી હતી.
- ઘ-માર્ગ પરથી લારી ગલ્લાનું દબાણ દૂર કરવામાં આવ્યું હતું.
- શહેરના તમામ પ્રવેશદ્વાર પર ચાંપતો પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો અને રેલીને પગલે વાહન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું.
- સભા સ્થળે ખેડૂતો સ્વયં શિસ્તની સ્થિતિમાં નજરે ચડતા હતા.

પ્રદેશ ભાજપ મહિલા મોરચાના ઉપપ્રમુખ પદે ગાંધીનગરના અરૂણાબેન ચૌધરીની નિમણુંક

ગાંધીનગર, તા. ૧૮

ભારતીય જનતા પક્ષના પ્રદેશ મહિલા મોરચાના ઉપપ્રમુખ તરીકે ગાંધીનગર જિલ્લાના અરૂણાબેન ચૌધરીની નિમણુંક કરવામાં આવી છે.

પ્રદેશ મહિલા મોરચાના પ્રમુખ શ્રીમતિ જ્યોતિબેન પંડ્યાએ આજે તેમની નવી ટીમની જાહેરા કરી છે. જેમાં અરૂણાબેન ચૌધરીની નિમણુંક કરાઈ છે. નવી ટીમમાં ૬ ઉપપ્રમુખ, બે પ્રદેશ મહામંત્રી, છ પ્રદેશ મંત્રી, પ્રદેશ કોષાધ્યક્ષ અને કાર્યાલય મંત્રી સહિત ૧૬ સભ્યોનો સમાવેશ કરાયો છે.

૩૦ કારોબારી સભ્યોના નામની ઘોષણા પણ આજે કરવામાં આવી છે. જેમાં ગાંધીનગરમાંથી સૂર્યાબેન ઠાકોરની વરણી કરવામાં આવી છે.

જાહેર નોટીસ સુધારો

"રણછોડ કો. ઓ. હા. સોસાયટી લી. મુ. રણછોડપુરા તા. કલોલ, જુવો - ગાંધીનગરની સભ્યોની સાધારણ વાર્ષિક સભાના - સભા સ્થળ ઉપર "સ્નેહી સોસાયટી"માં રણછોડપુરા મુકામે તા. ૧૩-૦૬-૨૦૧૩ ને રવિવારના રોજ સવારે ૧૦:૩૦ કલાકે પ્લોટ નંબર-------માં રાખેલ હોય, જેથી સર્વ સભ્યશ્રીઓએ નોંધ લઈ, અચૂક હાજર રહેવા વિનંતી કરવામાં આવે છે."

ચેરમેન શ્રી
રણછોડ કો. ઓ. હા. સોસાયટી લી. વતી

SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
C. C. C. (Customer Care Centre)
Gandhinagar District

VINAYAK 500
TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ZARIN Pvt.
B-203, Aman Flat, opp. BJP Office, J.P. Chowk, Khanpur, Ahmedabad
Neminath Electronics, Plot No. E-192, Electronics Estate, B/h. Videocon Factory, Sector-26, Gandhinagar

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com